



સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના પોલીસ હેડ ક્વાટર્સ ખાતે સુરક્ષા સેતુ સાબરકાંઠા આયોજિત સુરક્ષા રંગતાળી-૨૦૧૬નો ચોક મંગળવારે યુવતીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં પોતાની આગવી અદામાં મન ભરીને ગરબે ઘૂમી હતી.

# માલપુર ગરીબ કલ્યાણ મેળામાં વરસાદે તંત્રને પરેડ કરાવી

## વહીવટી તંત્રની અણઆવડતના લીધે લાભાર્થીઓની સહાય મેળવવા રઝળપાટ : લાભાર્થીઓ વરસાદમાં ભીંજાયા

મોડાસા, તા. ૬

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગરીબ લોકોને સીધી સહાય મળે તે માટે રાજ્યના અનેક વિસ્તારોમાં ઠેર ઠેર ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગરીબ કલ્યાણ મેળામાં સહાય મેળવવા આવતા લાભાર્થીઓને સહાય મેળવવા માટે ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. ગુરૂવારે બાયડ પ્રાંત કક્ષાના યોજાયેલા માલપુર ખાતેના ગરીબી મેળામાં વહીવટીતંત્રની અણઆવડતના લીધે લાભાર્થીઓએ સહાય મેળવવા રજળપાટ કરવી પડી હતી. વરસાદે તંત્રને પરેડ કરાવી હતી. લાભાર્થીઓને આપવા માટે લવાયેલી સહાય પણ વરસાદમાં પલળી ગઈ હતી.

અરવલ્લી જિલ્લાના બાયડ પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન માલપુર ખાતેની ચાર રસ્તા પર આવેલી પી.જી. મહેતા



હાઈસ્કૂલમાં કરાયું હતું. ગુરૂવારે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં વરસાદ વિલન બનતા ગરીબ કલ્યાણ મેળામાં આવેલા લાભાર્થીઓની બેસવાની જગ્યાએ મંડપમાંથી પાણી ટપકતા પાણી પાણી થઈ ગયુ હતુ. ગરીબ કલ્યાણ મેળામાં સહાય મેળવવા આવેલા લાભાર્થીઓ વરસાદમાં પલળી ગયા હતા. હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી છતા વહીવટીતંત્ર દ્વારા લાભાર્થીઓ માટે યોગ્ય વ્યવસ્થા ન કરતા અને ગરીબ કલ્યાણ મેળામાં વરસાદ વિલન બનતા અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી અને વરસાદ યથાવત રહેતા અધિકારીઓ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે હાઈસ્કૂલના વર્ગખંડોમાં સહાય વિતરણ કરવામાં આવ્યુ હતુ. સહાય મેળવવા આવેલ લાભાર્થીઓએ સહાય મેળવવા માટે કલાકો સુધી અલગ અલગ રૂમે ભટકવુ પડ્યુ હતુ. તદઉપરાંત લાભાર્થીઓને સહાયરૂપે આપવાની સામગ્રી પણ પલળતા લાભાર્થીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો.

માલપુર ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થી તરીકે આવેલા એક લાભાર્થીએ વહીવટીતંત્રની અણઆવડત અને ગરીબોની મજાક ઉડાવવામાં આવી રહી હોય તેવી સ્થિતિનું નિર્માણ પેદા કરનાર જવાબદાર તંત્ર સામે રાજ્ય સરકાર અને જિલ્લા કલેક્ટર દ્વારા શિક્ષાત્મક પગલા લેવા ઉગ્ર માંગ કરી જણાવ્યુ હતુ કે રાજ્ય સરકાર દ્વારા અપાતી સહાય અધિકારીઓના આયોજનના અભાવે લોકોમાં ટીકાપાત્ર બનતી હોય છે.

# અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલમાં શેરી ગરબાઓમાં ગરબાની રમઝટ જામી

મોડાસા, તા. ૬

હિન્દુ સંસ્કૃતિમાં મા જગદંબાની આરાધના મહાપર્વ નવરાત્રીના અરવલ્લી જિલ્લામાં શાનદાર રીતે વરસાદી માહોલમાં પ્રારંભ થઈ ચુક્યો છે. નગરના કારણે સમગ્ર પ્રદેશમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રાચીન ગરબામાં ખેલૈયાઓ છત્રીના તાલે ગરબા રમતા જોવા મળ્યા હતા.

આ વર્ષે વરસાદના ચાર દિવસના વિઘ્ન પછી પણ સમગ્ર બુટાલવાડા, કડીયાવાડા, પી.સી. શાહ એસ્ટેટ, પંચજ્યોત સોસાયટીના મેદાનમાં અર્વાચીન ગરબાનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. સોસાયટીની મહિલાઓ પ્રાચીન ગરબીઓમાં નવેનવ દિવસ



વિવિધ વિસ્તારો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં આ વર્ષે અર્વાચિન કરતા પ્રાચીન પરંપરા પ્રમાણેના શેરી ગરબાની રમઝટ જમાવીને અબાલવૃદ્ધ સૌ શક્તિરૂપ મા અંબેના ગરબા ભારે શ્રધ્ધા અને ભક્તિભાવથી ગાઈ રહ્યા છે. છેલ્લા ચાર દિવસથી વરસાદના વિઘ્ન વચ્ચે પણ મોડી રાત સુધી ચાલતા ગરબાના અરવલ્લી જિલ્લામાં જ્યાં જુઓ ત્યાં ગરબાના કોમર્શીયલ આયોજનોને જાકારો આપી શેરી ગરબા મોખરે જણાઈ રહ્યા છે. મોડાસા શહેરની મોટા ભાગની સોસાયટીઓમાં માતાની માટલીઓનું સ્થાપન કરી લોકો મોટી સંખ્યામાં ભારતીય સંસ્કૃતિક રૂપી શેરી ગરબા ગાઈ રહ્યા છે. મોડાસા શહેરના સગરવાડા, પ્રાચીન પરંપરા પ્રમાણેના હાથતાળીવાળા ગરબાની રમઝટ બોલાવે છે. જિલ્લાના અન્ય વિસ્તારોમાં ઠેર ઠેર ઘરે માતૃતા સ્થાપન દ્વારા નવ નવ દિવસના અનુષ્ઠાનથી શરૂ કરતા ફળિયે ફળિયે, મહોલ્લે કે શેરીઓમાં અને ચોકમાં ગરબા-રાસની રમઝટ જામે છે.

મોડાસા શહેરમાં મેઘરાજાએ ચોથા નોરતામાં સતત મેઘ મહેર યથાવત રાખતા ચોથુ નોરતુ ધોવાઈ ગયુ હતુ. બુધવારે સવારે ૧૧ વાગ્યા સુધી શહેરમાં ઝરમર ઝરમર વરસાદ શરૂ રહેતા અને સંપુર્ણ દિવસ વાદળછાયુ વાતાવરણ રહેતા ગરબાના આયોજકો અને ખેલૈયાઓમાં પાંચમા નોરતે પણ મા ના ગરબા ગાવા નહિ મળેની સતાવતી ચિંતા વચ્ચે બુધવારે રાત્રી વરસાદે ખમૈયા કરતા નગરના ખેલૈયાઓ સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વિવિધ નવરાત્રી ગરબા ગ્રાઉન્ડમાં ઉમટી પડ્યા હતા. મોડાસા શહેરના જુદા જુદા આયોજક મંડળો દ્વારા ખેલૈયાઓને આકર્ષવા માટે દરરોજ અને નવરાત્રી પૂર્ણ થાય ત્યાં સુધી હરિફાઈ યોજી મોટી રકમના રોકડ તેમજ અન્ય પ્રોત્સાહક ઈનામો આપવાની ઘોષણા કરી ખેલૈયાઓને આકર્ષીત કરી રહ્યા છે. જિલ્લામાં નવરાત્રી પર્વમાં ઓરકેસ્ટ્રાના કલાકારો તેમની કલા બતાવવા થનગની રહ્યા હોય ભરપૂર અલગ અલગ અંદાજમાં ગરબા રમાડી રહેતા ખેલૈયાઓ પણ ઢોલના બીટ્સ પર થનગની ઉઠે છે.

## સ્વચ્છતા અંતર્ગત અંબુજા ઉદ્યોગ દ્વારા મોતીપુરા ગાર્ડન દત્તક લેવાયો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લામાં સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત તા. બીજી ઓક્ટોબરના રોજ સાબરકાંઠા જિલ્લા સમાહર્તાએ એક ડગલુ સ્વચ્છતા તરફ અંતર્ગત સ્વચ્છતા અને ગ્રીન ગાર્ડન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું..

ગુજરાત અંબુજા ઉદ્યોગ સાહસના સૌજન્યથી ગ્રીન ઉત્સવ અને સ્વચ્છતા અંતર્ગત મોતીપુરા બાયપાસ પાસેનો ગાર્ડન દત્તક લઈ તેનો ઉછેર સાર સંભાળ સ્વચ્છતા તેમજ ઉદ્યોગ નજીકમાં સ્વચ્છતા ગ્રીન કાર્યક્રમોનું આયોજન ૨જી ઓક્ટોબરથી કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, નગરપાલિકાના પ્રમુખ તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસર પારેખ, ગુજરાત અંબુજા ઉદ્યોગના જનરલ મેનેજેર હરીશભાઈ જોષી, નગરપાલિકાના કોર્પોરેટરોએ હાજર રહી સ્વચ્છતાના આ કાર્યક્રમમાં જોડાઈ પૂ. બાપુના સ્વચ્છતાના સંદેશને આગળ ધપાવવા આહવાન કર્યુંહતું. અંબુજા ઉદ્યોગ દ્વારા ગાર્ડનને સ્વચ્છતા ઉપરાંત લાઈટ ડેકોરેશનથી શણગારી નવા ફૂલછોડ રોપા વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### હિન્દુ-મુસ્લીમ સમાજના લોકો સહિત અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યાં

પ્રાંતિજ તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમા શાંતિ સમિતિના સભ્યો સહિત હિન્દુ-મુસ્લીમ સમાજના આગેવાનો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાંતિજ ખાતે મહોરમ તથા દશેરાનો તહેવાર નજીક આવતો હોવાને લઈને પ્રાંતિજ પોલિસ સ્ટેશન દ્વારા શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી જેમાં પ્રાંતિજ નગર પાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, શાંતિ દૂત રઈશભાઈ કસ્બાતી, પ્રાંતિજ પીએસાઈ કે. પી.ચાવડા, પી.જી. ચાવડા, પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, મનુભાઈ રામચંદાની, મહેબુબભાઈ, રાણા સહિત ગામના અગ્રણીઓ આગેવાનો સહિત હિન્દુ- મુસ્લીમ સમાજનાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં અને તહેવારના દિવસે ટ્રાફિક બંધ રાખવો સહિતની ચર્ચાઓ કરવામાં આવી હતી અને હિન્દુ-મુસ્લીમ એકતા અને ભાઈચારો બની રહે તે માટે ની ચર્ચાઓ કરવામાં આવી હતી.



## મોડાસામાં વિજયાબેંકનો ભવ્ય પ્રારંભ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મેઘરજ રોડ પર વિજયાબેંકની નવીન શાખાનો બેંકના ડેપ્યુટી જનરલ મેનેજરના વરદહસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મોડાસા શહેરના જાણીતી હસ્તિઓએ હાજર રહી બેંકની નવી શાખાના શુભારંભને આવકાર્યો હતો. અરવલ્લીના મેઘરજ રોડ પર દેશભરમાં પોતાની બેંકીંગ સેવાઓ માટે જાણીતી ભારત સરકાર માન્ય વિજયાબેંકની નવીન શાખાનો આજે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિજયાબેંકના ડેપ્યુટી જનરલ મેનેજર મુરલી ક્રિષ્ણન, મેનેજર હરીશ પવાર તથા છેલ્લા ૩૪ વર્ષથી બેંકમાં કામ કરનાર મોડાસાના વતની અરવિંદભાઈ સી. શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજમાં મેઘરાજાએ ચોથા નોરતે ખમૈયા કરતા ગરબારસીકો મન મુકીને ગરબે ગુમ્યા

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજાની નવરાત્રીમાં જ તેમની સવારી આવી જતા ગરબા રસિકોમાં નિરાશા જોવા મળી હતી અને માઈ મંડળો સહિત આયોજકો પણ નિરાસા નાંખતા નજરે પડ્યા હતા. ત્યારે ચોથે નોરતે મેઘરાજા વિરામ લેતા ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમતા જોવા મળ્યા હતા.

પ્રાંતિજ તથા તાલુકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મા જગત જનની અંબેની નવ દિવસ માટે વિવિધ માઈ મંડળો દ્વારા દર વર્ષની જેમ સ્થાપના કરવામાં આવી છે અને મા ના ચોકમાં ગરબે ઘુમવા માટે બાળકો સહિત યુવાહૈયા થનગનાટ મચાવી રહ્યા હતા ત્યારે પહેલા નોરતેથી જ મેઘરાજા નવરાત્રીમાં વિલન બનીને આવતા ગરબા રસિકો સહિત વિવિધ માંઈ મંડળો આયોજકોના ફ્રીઝ ઉડી ગયા હતા અને ડેકોરેશન ગાયકોના ખર્ચ સહિતની ચિંતામાં મુકાયા છે. જ્યારે





ચોથા નોરતે મેઘરાજા ખમૈયા કરતા પ્રાંતિજ ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજ સોસાયટીમાં ભાઈઓ તથા બહેનો પરંપરાગત રીતે મ્યુઝિકની તાલે નવરાત્રી ચોકમાં ગરબા ઘુમતા નજરે પડ્યા હતા. ત્યારે પ્રાંતિજ ભોઈ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગબ્બર બનાવવામાં આવ્યો છે. ત્યારે માઈ ભક્તો ગબ્બરના દર્શન કરવા બાળકો સાથે આવે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે ત્યારે શ્રી બહુચર ચોકમાં પણ ગરબાની રમઝટ જોવા મળી હતી અને બાળકો મહિલાઓ ગરબા રસિકો ગરબે ઘુમતા નજરે પડ્યા હતા.

# પ્રાંતિજમાં ભૂવા પડવાનો સીલસીલો યથાવત

## અંકિતા કન્સ્ટ્રક્શન દ્વારા ખોદકામ બાદ પુરાણમાં કામમાં વેઠ છતાં તંત્રની ચુપકીદી : માત્ર ચાર છાંટા પડે છે ને ભૂવાઓ ભુતની જેમ ઘુણે છે લોકોની પરેશાનીઓ વધે છે : ભૂવાએ એક ટ્રકને ઝપેટમાં લીધી

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાક મહિનાઓથી અંકિતા કન્સ્ટ્રક્શન દ્વારા આડેધડ ખોદકામ આડેધડ કરવામાં આવતા પ્રાંતિજના વિસ્તારોની વગર ચોમાસામાં પણ હાલત કફોડી બની છે અને ઠેર ઠેર આયોજન વગર પડવાની નવાઈ ના હોય તેમ જેની જવાબદારી છે તે તંત્ર માત્ર ઘોર નિંદ્રામાં છે કે ચુપકીદી સાધીને બેઠુ છે ત્યારે હાલ તો ભાંખરીયા



ખોદકામ બાદ મજુબત રીતે પુરાણ ન કરાતા માત્ર ચાર છાંટા પડતાં અંકિતા કન્સ્ટ્રક્શનનું કામ દેખાઈ આવે છે.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન વિસ્તાર સહિત પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ગટર લાઈનનું ખોદકામ કરી દેતાં પ્રાંતિજના વિસ્તરોની પરિસ્થિતિ દયનીય બની છે. ત્યારે અંકિતા કન્સ્ટ્રક્શન દ્વારા ખોદકામ બાદ મજબૂત પુરાણ ના કરાતા વગર વરસાદે પણ ભૂવા ઠેર ઠેર પડે છે ત્યારે પ્રાંતિજમાં ભૂવા વિસ્તારમાં પથ્થર ભરેલ ટ્રક ભૂવામાં ખુંપી જતાં ટ્રાફિક જામ થતા અનેક લોકો ફસાયા હતા અને ટ્રક ચાલક સહિત લોકો હેરાન થયા હતા અને જેસીબીની મદદથી ટ્રક બહાર કાઢવામાં આવી હતી.

# પાલનપુરના એસટી કર્મી દ્વારા ઉરી હૂમલાના શહીદ જવાનના પરિવારને ૨.૭૭ લાખની સહાય

પાલનપુર, તા. ૬

પાલનપુર એસ.ટી. વિભાગ દ્વારા ઉરી હૂમલામાં શહીદ જવાનના પરિવારને ૨.૭૭ લાખની સહાય ચુકવણી કરવામાં આવી છે. ઉરી હૂમલામાં શહીદ થયેલા રાજસ્થાન રાજસમંદના શહીદ જવાન એસ.એન. રાવતના પરિવારને હાથોહાથ આર્થિક મદદ અર્પણ કરાઈ છે. એસ.ટી. નિગમના ડિરેક્ટર ભરતભાઈ આર્ય અને રૂબરૂ રાજસ્થાન પહોંચેલા એસ.ટી. પરિવારનો દેશદાઝ જોઈ શહીદ જવાનોનો પરિવારજનો પણ પ્રભાવિત થઈ ગયા હતા. એસ.ટી. વિભાગની પાલનપુર વિભાગીય કચેરીના વિભાગીય મંત્રાલય તેમજ પાલનપુર વિભાગના તમામ ડેપોના મેનેજર અને કર્મચારીઓએ ઉદાર દિલે વહાવેલી સખાવતની સરવાણીના પગલે શહીદ ફંડમાં બે લાખ સીતોત્તેર હજાર પાંચસો એકસઠ રૂપિયા જેટલી માતબર રકમ એકત્ર થયા બાદ એસ.ટી.



ડિરેક્ટર ભરતભાઈ આર્યની આગેવાની હેઠળ એસ.ટી. વિગીય નિયામક હસન અને એસ.ટી.ની ટીમે ઉરી હૂમલામાં શહીદ થયેલા રાજસ્થાનના રાજસમંદ ગામના વતની શહીદવીર એસ.એન. રાવતના નિવાસસ્થાને પહોંચી આ શહીદ જવાનને ભાવભરી શ્રદ્ધાંજલી સાથે આદરાંજલી અર્પી ૨ લાખ ૭૭હજાર ૫૬૧ રૂપિયાની આર્થિક સહાય શહીદ જવાનના પરિવારને હાથોહાથ અર્પણ કરી હતી.

# પાલનપુર મામલતદારના પુત્રનો આપઘાત

પાલનપુર, તા. ૬

પાલનપુર તાલુકાના કરજોડા નજીક રેલવે ટ્રેક પર પડતુ મુકી પાલનપુરના એક પટેલ યુવાને આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે. પાલનપુરના લક્ષ્મીપુરામાં રહેતા ડી.એન. પટેલ હાલમાં ચાણસ્મા મામલતદાર તરીકે ફરજ બજાવે છે. જેમાં ૩૨ વર્ષીય પુત્ર મનોજ પટેલે કોઈ અગમ્ય કારણોસર ટ્રેન નીચે પડતુ મુકી જીવનલીલા સંકેલી લીધી હતી. પાલનપુર રેલવે પોલીસે યુવકના મૃતદેહને પી.એમ. માટે પાલનપુર સિવિલમાં ખસેડ્યો હતો. ઘટનાની જાણ થતા પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ સહીત પટેલ સમાજના લોકો દોડી આવ્યા હતા. જો કે યુવકના અપમૃત્યુનો ભેદ ઉકેલવા માટે પોલીસે હાલ તો અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.